# શિક્ષણના પડકારોનો કક્કો

ડૉ.નિષાદ ઓઝા
સિનિયર લેકચરર, ડાયેટ, ઈડર

**પ્રાસ્તાવિક**

રાજ્ય સરકારની વિદ્યાસહાયક યોજના હેઠળ કેટલાક વર્ષ પહેલાંની ભરતીમાં મેરિટમાં મૌખિક મુલાકાત માટે પસંદગી પામેલા અરજદારોની એક લાઈન ટૂંકાતી ટૂંકાતી મારી આગળ ચાર સભ્યો રહ્યા એ સ્થિતિમાં આવી. તજજ્ઞો બોલે તે સ્પષ્ટપણે સંભળાય એ સ્થિતિમાં હું હતો. 'કક્કા'નો આઠમો અક્ષર ક્યો ? તજજ્ઞનો પ્રથમ પ્રશ્ન. જવાબ 'ઢ'. તજજ્ઞો એકબીજા સામે જોઈ હસ્યા અને એની પાછળના ઉમેદવારોના ચહેરા મૂરઝાયા, એ પછી અનુક્રમે 'કક્કા' ના વિવિધ અક્ષરોના જ પ્રશ્નો ચાલ્યા અને બધાજ જવાબો 'ઢ' પ્રકારના જ. પાંચમા ધોરણમાં પિતાશ્રીની કડક નજર હેઠળ તૈયાર કરેલો, કાયમી યાદ રહી ગયેલો 'કક્કો' એમ. એ., એમ.એડ્. થયા પછી આજે પહેલીવાર કામ આવે એવી શ્રદ્ધાએ મને હળવો બનાવ્યો. પણ તજજ્ઞો થાક્યા હોય તેમ એ પ્રશ્નોમાંથી મને મુક્તિ મળી અને એક અન્ય પ્રશ્નથી મારી મૌખિક મુલાકાતની ઔપચારિકતા પૂરી થઈ. પણ આ આખી પ્રક્રિયા એક બીજ રૂપે મારામાં ઘર કરી ગયેલી અને થયેલું કે, શિક્ષણના વર્ગખંડમાં પડકારોનું કેન્દ્રબિંદુ તો આ જ છે, પ્રથમ સોપાન આ જ છે, અને એમાંથી સ્ફૂરણ થયું પડકારોનાં 'કક્કા'નું. જો શિક્ષક વર્ગખંડમાં મૂળાક્ષરોના 'કક્કા' ની સાથે આ 'કક્કા' ને હૃદયસ્થ કરી લે તો બાળવિકાસની બારાક્ષરી આપોઆપ અસ્તિત્વમાં આવે અને બાળક મ્હોરી ઊઠે.. તો આવો જાણીએ આવા શૈક્ષણિક પડકારોના કક્કાને..... ! ! !

'ક''કલબલતા' નો 'ક'

શિક્ષકના ઘરમાં પોતાનું બાળક કલબલ કરે તો શિક્ષક આનંદે, કેવું કાલું બાલે છે ! સાંભળ્યા જ કરીએ એવું થાય છે. શાળામાં બાળકો નિર્દોષ 'કલબલાટ' કરે તો શિક્ષક કરવત ચલાવે. આ તે કંઇ બગીચો છે ? કેટલાકને તો રમતના મેદાનમાં પણ અવાજ થાય અને કાળ ચડે. આ કાળને શિક્ષક નાથે, જીભની કરવતને લગામ નાંખે તો કાચી ઉંમરના કબલિયાંનો કલબલાટ પણ કોયલનો રણકાર અને શાળા આમ્રવન.

'ખ''ખડખડાટ' નો 'ખ'

ઘરમાં વાસણ ખખડે એનો પ્રત્યાઘાત શાળાના વર્ગખંડમાં ગૂંજે, ક્યાંક બાળકની પીઠ પર ફૂટપટ્ટીના અવાજ રૂપે, તો ક્યાંક ગાલ પર પડેલા તમાચા રૂપે અને 'ખડખડાટ' હસી ગયેલું બાળક ખોવાઈ જાય પડેલી તમાચના સન્નાટામાં શિક્ષક પણ ખખડે અને બાળક પણ 'ખડખડાટ' ખખડે તો તંદુરસ્તીની સમસ્યાનો નિવેડો. ગાલમાં પડી ગયેલા ખાડાઓમાં ફરી લોહીની લાલાશ અને ખુશીની લહેરમાં બાળક ખીલી ઊઠે. શિક્ષક નિર્દોષ ખખડે તો બાળક ખુશ..... ખુશ..... ને અતિ ખુશ..... ! ને શિક્ષણ પણ આનંદમય.

'ગ''ગણગણાટ' નો 'ગ'

શિક્ષકને પણ શીખવાની તક એટલે બાળકનો ગણગણાટ. ક્યારેક બાળકના 'ગણગણાટ' માં રહેલી ગહનતા શિક્ષકના કાને પડે અને હોદ્દાનો ભાર ન હોય તો 'ગણગણાટ' પણ લગ્નમાં બેસાડેલા 'ગણપતિ'ની ભૂમિકામાં અને અધ્યયન પ્રક્રિયાનો પ્રસંગ વિના વિઘ્ને પાર.

'ઘ''ઘરઘરતા' નો 'ઘ'

રિશેષ પડે અને ગામમાં રહેતા શિક્ષકમિત્રો 'ઘર' ભણી. કેટલાંક બાળકો પણ ગામ ભણી પટ્ટી મારે. તો કેટલાક ઘરે જઈને શું કરશું ? એમ ધારી શાળાના કોઈ રૂમમાં 'ઘરઘરતા' નો ઘાટ ઘડે. કોઈ શિક્ષક એ જોતા તો નથી ને ! એવી દહેશત નીચે ઘરઘરતાં રમવાની મજામાં શિક્ષક આડખીલીરૂપ ન બને અને બાળકને પ્રોત્સાહક બને તો બાળક 'મકાન' અને 'ઘર'ની સંકલ્પનાનો ભેદ આપોઆપ સમજે અને વર્ગખંડને ઘર માની મુક્તપણે વિહરે.

'ચ''ચણભણાટ' નો 'ચ'

'તાસ' પ્રથા હોય ત્યાં તાસ બદલાય ત્યારે અને તાસપ્રથા ન હોય ત્યાં શિક્ષક બહાર જાય ત્યારે વર્ગમાં અવકાશ દરમ્યાન બાળકો નાનીનાની વાતે એકબીજા સાથે 'ચણભણાટ' કરે અને શિક્ષક આવે એટલે – સાહેબ, મારી પેન આ રમલાએ લઈ લીધી; સાહેબ, આને કો'ને મારા દફતરને અડઅડ કરે છે, સાહેબ, કાન્તાને કો'ને મને ધક્કો માર માર કરે છે.... ફરિયાદોના સપાટામાં સાહેબના હાથનો સપાટો બોલે.... ધબ.... ધબ..... ધબ અને ફરિયાદ કરનારને પણ ધબ.... ધબ..... ધબ.... અને વર્ગખંડમાં 'સાલ્લાઓ આખો દા'ડો માથું ખૈગ્યા....' એવા વિધાન સાથે નિરવ શાંતિ.... ! ! ! વળી પાછી રો'વે છે... બંધ થા.... બંધ થા.... નહિ તો હમણાં બીજી દઉં છું એક..... અને તાસ પુરતી ચણભણાટ બંધ, શિક્ષક ખુશ.

'છ''છલોછલ' નો 'છ'

શિક્ષક જ્ઞાનથી છલોછલ હોય અને જ્ઞાન આપવાની રીતથી પણ છલોછલ હોય.... તો વિદ્યાર્થીઓ પણ ભણવા માટે છલોછલ. સમય કાઢવા પૂરતો જ શિક્ષક વર્ગમાં આવે અને જાય ત્યારે શીખવાની વિદ્યાર્થીઓની છલોછલ ભાવના પર છૂરાબાજી.

'જ''જહેમત' નો 'જ'

ખેતી પણ કરતો અને શિક્ષકગિરિ પણ કરતો શિક્ષક વાવણી, પિયત અને લણણીમાં જેટલી 'જહેમત' લે છે એટલી જ વિદ્યાર્થીઓમાં જ્ઞાનના બીજની વાવણી, અનુભવનું પિયત અને ઉજ્જવળ પરિણામોની લણણી બાબતે સજાગ રહે તો, વિદ્યાર્થી પણ જહેમત ઉઠાવશે અને શિક્ષકને, શાળાને અને પોતાને રોશન કરશે.

'ઝ''ઝપાઝપી' નો 'ઝ'

જ્યારે શિક્ષક 'પ્રોકસી' તાસ માટે ઝપાઝપી કરશે ત્યારે શિક્ષણની સંવેદના બેઠી થશે. વિદ્યાર્થીઓની આંખો આનંદથી ચમકશે. શિક્ષકે કરેલી પ્રોકસી માટેની ઝપાઝપી તેને રાત્રે ચેનની નીંદર આપશે. ચેનની નીંદર પામીએ ત્યારે બીજું પ્રભાત આપોઆપ રૂડું. રૂડો વર્ગખંડ અને રૂડું શિક્ષણ.

'ટ''ટપલી-દા' નો 'ટ'

ગુસ્સા અને જુસ્સાનો 'ટપલી-દા' નહિ પણ બાળકની ભૂલ થાય ત્યારે પ્રેમની 'ટપલી' બાળકને ઉદ્ધારે, અંતરથી ઉજાળે અને શાળામાં આવવા પ્રેરે. 'સોટી વાગે ચમચમ, ને વિદ્યા આવે ધમધમ' – એમ નહિ પણ, 'ટપલી વાગે (પ્રેમની) ટપટપ અને વિદ્યા આવે ઝટપટ' – એ ન્યાયે વિદ્યાર્થી શીખે અને પરિતૃપ્તિ પામે.

'ઠ''ઠઠ્ઠા' નો 'ઠ'

રૂઆબદાર કપડાંનો 'ઠઠ્ઠો' નહિ, લાલઘૂમ આંખોનો 'ઠઠ્ઠો' નહિ પણ જીવન સંસ્કરણ પામે તે માટેનો 'જ્ઞાનનો ઠઠ્ઠો' શિક્ષકને વિદ્યાર્થીમાં પ્રીતિપાત્ર બનાવે.... નિર્દોષ ઠઠ્ઠાગીરી (બાળકોની) માં શિક્ષક પણ સામેલ થાય તો બાળકોને મન શિક્ષક ઈશ્વરરૂપ.

'ડ''ડુગડુગિયાનો' નો 'ડ'

ગામમાં મદારી પ્રવેશે અને બાળકો ગેલમાં આવી ટોળે વળે તેમ વર્ગમાં શિક્ષક પ્રવેશે અને વિદ્યાર્થીઓના રોમેરામમાં આનંદની ડુગડુગી વાગે તો નવીન શિક્ષણની ચેતનાનું જાણે આપોઆપ શિક્ષકના ચિત્તમાં સ્ફૂરણ, વર્ગમાં સ્વર્ગની અનુભૂતિનો સંચાર અને પછી તો વર્ગખંડમાં શિક્ષણના એક પછી એક નવા શૈક્ષણિક જાદુઓની ભરમાર.... !

'ઢ''ઢગલમૂદા' નો 'ઢ'

ઘેરથી બાળક શાળાએ નીકળે. દફતરમાં પુસ્તકોનો 'ઢગલો', શાળામાં પહોંચે શિક્ષકની સૂચનાઓનો ઢગલો, એના અંગત કામનો 'ઢગલો', સાંજ પડતાં-પડતાં ફરી લેશનનો 'ઢગલો' અને ઘરે પહોંચી રાત્રે બાળક લેશન કરતાં કરતાં જગ્યા પર જ ઢગલો, અને મ્હોરી રહેલો વિકાસ એકજ જગ્યાએ 'ઢગલો'. અંતે વરસાદની માટીમાં રમાતી રેતીની રમત 'ઢગલમૂદા' નો છેદ..... અને બાળકની કુમાશનો ધ્વંસ.

'ણ''(ટ) ણ....ણ.... ણ....ણ....' નો 'ણ'

ટ.....ણ.... ણ.... ણ.... ણ.... પ્રાર્થના, ટ.....ણ.... ણ.... ણ.... ણ.... નાની વિશ્રાંતિ, ટ.....ણ.... ણ.... ણ.... ણ.... મોટી વિશ્રાંતિ, ટ.....ણ.... ણ.... ણ.... ણ.... ફરી નાની વિશ્રાંતિ.... અને ફરી ટ.....ણ.... ણ.... ણ.... ણ.... ઘર તરફની દોટ. આવી જ એક દોટમાં, ઉત્સાહમાં બાળક પડે. શિક્ષકની નજર પડે.... અને પછી, જોતો નથી ?.... તારા બાપાનું શું લૂંટાઇ જાય છે ? પછી બરડા પર પણ પડે.... બે પ્રકારના આંસુઓનો સરવાળો, પડીને વાગવાનાં આંસુ + વાગ્યા પછી બરડામાં પડેલા ધબ્બાને કારણે નીકળેલાં આંસુ.... પરિણામે ઘરે જવાના ઉત્સાહનો ઘંટ વાગી જાય.... ટ.....ણ.... ણ.... ણ.... ણ.... !.... !

'ત''તરવરાટ' નો 'ત'

સવારે ઊઠી તૈયાર થઇ શાળામાં જવાનો 'તરવરાટ', શાળામાં જઇને 'સફાઇ' કરવાનો 'તરવરાટ', 'સફાઇ' કરીને પ્રાર્થનામાં ભાઇબંધ કે બહેનપણીની જગ્યા રોકવાનો 'તરવરાટ', પ્રાર્થનામાં બેઠા પછી દૂર રોડ પરથી જતા વાહનને લઇને કોણ ગયું એ એક આંખ ખોલીને જોઇ લેવાનો 'તરવરાટ'.... અને એ દરમિયાન સિપાઇની મુદ્રામાં ફરતા શિક્ષકની આંખોમાં કોણ આંખ ખોલે છે (ચાલુ પ્રાર્થનાએ) એ શિકારને પકડીને ધબ્બ દઇને મારવાનો 'તરવરાટ' – બીજા દિવસે બાળકનો વહેલાં ઊઠવામાં 'તરવરાટ' નો અભાવ, શાળામાં આવવાની ઈચ્છામાં 'તરવરાટ' નો અભાવ, શાળામાં આવી સફાઇકામ કરવાના પ્રયત્નમાં 'તરવરાટ'નો અભાવ, જગ્યા રોકવાના પ્રયત્નમાં 'તરવરાટ' નો અભાવ.... વાહનને જોવાની નિર્દોષવૃત્તિના 'તરવરાટ' માં અભાવ... પરિણામે જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છામાં 'તરવરાટ'નો અભાવ.... પરિણામે અભાવગ્રસ્ત જીવનના નિર્માણની પ્રક્રિયાની શરૂઆત. શિક્ષકનો હકારાત્મક 'તરવરાટ' બાળકને આજીવન તરવરિયું બનાવે એ ઈચ્છનીય જ નહિ પરંતુ ખૂબ જ જરૂરી.

'થ''થથરાટ' નો 'થ'

મનુ, લેશનની નોટ ટેબલ પર, શિક્ષકની સહી, કનુ, શિક્ષકની સહી, રંજન 'થરથરાટ' સાથે નોટ ટેબલ પર, કામ અધૂરું, શિક્ષકનો હાથ હલે. રંજનનું મોં ચમકે, રંજન ચમકે અને ચહેરાનો રંગ ફિક્કો પડે. શિક્ષક વિજયીભાવે એ જૂએ, નોટ ફેકે...!... ! ગામમાં રખડતી હોય છે. કુકા રમવામાંથી ઉંચી આવે ત્યારે લેશન કરે ને...જા, બા'ર અંગૂઠા પકડ... 'થ'.... થરથરાટના 'થ'.... ની જય હો.... ! !

'દ''દરકાર' નો 'દ'

'દ' દમનનો 'દ' ભૂલીને 'દ' 'દરકાર'નો 'દ' અપનાવાય તો બાળક મીણ-મીણ. શિક્ષકના ચરણમાં મસ્તક અને જ્ઞાન મેળવવામાં મગ્ન. શિક્ષકનું પ્રોત્સાહન, શિક્ષક દ્વારા 'દરકાર' વિદ્યાર્થીના અંતરમાં શિક્ષકનો સત્કાર.... સત્કાર ને સત્કાર... અન્યથા વિના દરકાર નહિ સત્કાર. વધુમાં માનસિક ધિક્કાર તો ખરો જ ખરો.... !

'ધ''ધમકી'(મા) નો 'ધ'

'કાલે આટલું કામ કરી લાવજે નહિ તો દસ વખત લખવા આપીશ. અંગૂઠા પકડાવી ઉપર ડસ્ટર મૂકીશ અને જેટલીવાર ડસ્ટર પડી જશે એટલાથી પાંચ ગણી ફૂટપટ્ટી હાથમાં પડશે હાં.' 'ધમકી' એ બાળક માટે સાવકી માઁ છે. આપણે ત્યાં કેટલીયે શાળામાં કેટલાય બાળકોને સાવકી માનો ભોગ બનવું પડે છે. સાંજ પડે સગી માનું બનાવેલું ખાવાનું અને રાત્રે સૂઇ ગયા પછી સપનામાં સાવકી માના વિચારે ખાધેલું બાળવાનું. આવાં કેટલાં બાળકો ? અને ક્યાં સુધી આ રીતે બાળપણને બાળશે ? જવાબદાર લોકો જવાબદારી નિભાવે તો શિક્ષણ ધન્ય ધન્ય.

'ન''નટખટતા' નો 'ન'

બાળકની નિર્દોષ મસ્તી એટલે તેનું 'નટખટપણું'. શિક્ષક એને આવકારે જરૂર પડયે પોતે પણ શિક્ષકનો લિબાસ ઉતારી બાળક પેઠે નટખટ બને અને બાળકને ભાવવિભોર બનાવે તો અપવ્યય અને સ્થગિતતા આપોઆપ દૂર.

'પ''પમરાટ' નો 'પ'

શિક્ષકના સાત્વિક સંસ્પર્શથી બાળક ખીલે તો તેનો પમરાટ જિંદગીને મધુરતાથી ભરે અને ફ્રોબેલની પેલી વાત સો ટકા સાચી પડે - 'શિક્ષક એ માળી છે.' શાળા બગીચો, શિક્ષક માળી અને બાળક ફુલ એ ન્યાયે શિક્ષણ પ્રક્રિયા ચાલે તો બાળક ઉત્તમ નાગરિક તરીકે પમરે અને જેણે પમરાટ એની જિંદગીમાં ભર્યો છે એ શિક્ષકને, એ શાળાને જિંદગીભર સ્મરે.

'ફ''ફડદંફડદા' નો 'ફ'

આકાશ નીચે શાળા, શાળા ઉપર આકાશ, બંને વચ્ચે શિક્ષક સાથે બાળકોનું ટોળું, ટોળામાંથી એકની નજર આકાશમાંથી નીચે તરફ આવતા પતંગ પર પડે અને શિક્ષક તેમજ અન્ય બાળકોને મૂકીને એ હે... હે.... હે.... કરતાં પગંત લેવા દોડે અને અખૂટ આનંદે... ફરી નજર શિક્ષકની આંખો પર, જમીન નીચેથી ધરતી સરકે અને સૌના આશ્ચર્ય વચ્ચે આવી જ રીતે આવતી બીજી પતંગ જોતાં શિક્ષક બાળકો સાથે દોડે.... પતંગ પકડે... બાળકોની જેમ જ પતંગને 'ફડદંફડદા' કરે અને બાળકોની આંખો ઉષ્માસભર....! જો આમ ન થાય તો બાળકની લાગણીના 'ફડદંફડદા'.

'બ''બથ્થંબથ્થા' નો 'બ'

ક...બ...ડ્ડી..., ક...બ...ડ્ડી..., ક...બ...ડ્ડી...અને... આઉટ શિક્ષકની વિશલ વાગે. બીજા શિક્ષક અન્ય રેફરી તરીકે પણ મેદાનની બહાર સેવા બજાવે. એટલામાં આચાર્ય પણ આવે. બંને ટીમોમાં એક એક સભ્ય બચે. 'આઉટ' થયેલા બાળકો સહજ રીતે બોલી ઊઠે બંને સાહેબોને સંબોધીને – સાહેબ તમે બેય ટીમમાં એક-એક ટીમમાં આવી જાઓ. શિક્ષકોની આંખો ચમકે.... 'વિશલ' આચાર્યશ્રીના હાથમાં.... બે શિક્ષકો મેદાનમાં...કબડ્ડી....કબડ્ડી... શિક્ષકને વિદ્યાર્થી 'બથ્થંબથ્થા' આચાર્યશ્રીની 'વિશલ'.... બાળકોનો આનંદસભર હુરિયો.... મેચ પૂરી...શિક્ષકો... બાળકો અને અંતે આચાર્ય પણ સંવેદનશીલ આંખો સાથે લાગણીના લેવડ-દેવડમાં બથ્થંબથ્થા અને શાળાનો સેવક ટ...ણ... ણ... ણ... બેલ વગાડતાં....વગાડતાં.... આનંદવિભોર.

'ભ''ભરપૂરતા' નો 'ભ'

શિક્ષકનો આત્મા પ્રેમથી ભરપૂર, મન જ્ઞાનથી ભરપૂર, દિલ સાત્વિક ઊર્મિઓથી ભરપૂર, હાથ હેતથી ભરપૂર, આંખો ચેતનાથી ભરપૂર તો બાળક ઉત્સાહથી ભરપૂર, કાર્યથી ભરપૂર, નિષ્ઠાથી ભરપૂર... ભાવનાથી ભરપૂર... !... !

'મ''મમત્વ' નો 'મ'

પિતાની આંખોમાં માનું 'મમત્વ', પિતાના હૃદયમાં માતાનું વહાલ, પિતાની હથેળીમાં માતાનો ભાવ. શિક્ષકની નિખાલસ સ્નેહવર્ષા અને આપોઆપ બાળકોના શિક્ષક પ્રત્યેના 'મમત્વ' નો ગ્રાફ ઉપર. બાળકો પ્રત્યેના વાત્સલ્યપૂર્ણ વલણ દ્વારા શિક્ષણની પાયારૂપ જરૂરિયાત એવા સાત્વિક સંબંધનું નિર્માણ.

'ય''યશ' નો 'ય'

શિક્ષણમાં રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું હોવું અનિવાર્ય છે. આ પ્રવૃત્તિઓ ભલે શિક્ષકના માર્ગદર્શન નીચે થાય પણ એનો 'યશ' હંમેશા બાળકોને જ અપાય તો બાળકો ચોક્કસ એ શિક્ષકને, એ શાળાને અને એ ગામને 'યશ' અપાવશે જ. કોઈ સારી પ્રવૃત્તિને, કોઈ સારા કામને અભિનંદવાનો, તેની કદર કરવાનો ગુણ આપોઆપ એનામાં વિકસશે. વર્ગખંડમાં અને એની બહાર આમ થાય તે જરૂરી.

'ર''રમઝટ' નો 'ર'

બાળકના સર્વાંગી વિકાસ સાથે સંકળાયેલો બહુ નજીકનો શબ્દ 'ર'.... 'રમઝટ' નો 'ર'. બાળગીતોની રમઝટ, અભિનય ગીતોની 'રમઝટ', લોકગીતોની 'રમઝટ', નવરાત્રિમાં ગરબાની 'રમઝટ', નાટકની 'રમઝટ', સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકદિને દેશભક્તિના ગીતોની 'રમઝટ', વાર્ષિક સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની 'રમઝટ' અને અંતે મહેનતની 'રમઝટ'... ઉજ્જવળ પરિણામોની 'રમઝટ'.... શિક્ષક સદા 'ઓર્ડર' માં રહે તો બાળકના વિકાસની 'રમઝટ'. જીવનમાં સુખોની 'રમઝટ'.

'લ''લય' નો 'લ'

શિક્ષકની 'ચાલ'નો લય, શિક્ષકના પોશાકનો લય, શિક્ષકની વાણીનો લય, શિક્ષક વ્યવહારનો લય, શિક્ષકનાં વર્તનનો લય, શિક્ષકના જ્ઞાનનો લય, શિક્ષકની શીખવવાની રીતનો લય.... જો આ લય જળવાય તો બાળકના વિકાસની ગતિનો 'લય' આપોઆપ વેગ પકડે અને અડચણો ગાયબ.

'વ''વટ્ટ' નો 'વ'

શિક્ષણકાર્ય એ વૈતરું નહિ પરંતુ શિક્ષણના વ્યવસાય માટે પ્રતિબદ્ધ થયેલા શિક્ષક માટે 'વસંત' છે. એવી સમજણ કેળવાય અને એનું અમલીકરણ થાય ત્યારે શિક્ષકનો 'વટ્ટ', શાળાનો 'વટ્ટ', બાળકનો 'વટ્ટ' અને શિક્ષણનો 'વટ્ટ' તો ખરો જ ખરો.

'શ''શણગાર' નો 'શ'

શિક્ષક, શાળા અને શિક્ષણ દ્વારા બાળકોનો-નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક, વૈશ્વિક, ચૈતસિક, ઐતિહાસિક, આર્થિક, શાંતિ-જેવાં મૂલ્યો વડે શણગાર થાય તો બાળકને  મન શાળા જ કાશી અને કાબા.... !.... !

'ષ''ષડ્જ' નો 'ષ'

સંગીતના સાત સૂરોનો 'ષડ્જ'. બાળકનું પ્રાથમિક શિક્ષણ એટલે એની શિક્ષણ સિતારનો પહેલો સૂર. એ સૂરને વગાડનાર (શિક્ષક) જો તાર બરાબર ન ચડાવે તો તાલીમ અધૂરી. આ અધૂરી તાલીમ એટલે બાળક પર ધીમે-ધીમે ષડિપુ, કામ ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર (માણસના છ આંતર ક્ષત્રુઓ)નું આક્રમણ શાળા, શિક્ષક અને શિક્ષણ દ્વારા આ કાર્ય થાય તો ભારતીય સંસ્કૃતિનો જયઘોષ જય શિક્ષણ.... !

'સ''સડસડાટ' નો 'સ'

જો સત્વશીલ શિક્ષણ દ્વારા બાળક સત્કર્મ, સત્યનિષ્ઠા, સંનિષ્ઠતા, સમયસૂચકતા, સંસ્કાર, સમરસતા, સ્નેહ, સાનુકૂળતા (પ્રત્યેક પરિસ્થિતિમાં), સહજતા, સહનશીલતા, સમરૂપતા જેવા સંસ્કૃતિસભર ગુણોનું માલિક બને, એને  અંતઃસ્થ કરે. એવા સભાન પ્રયત્નો થાય તો બાળક જીવનની સીડી સડસડાટ ચડવા માટે સજાગતા કેળવી શકે,  કર્મઠ થઇ શકે અને પોતાના અસ્તિત્વને પ્રસ્થાપિત કરી શકે.

'હ''હસ્તી' નો 'હ'

હળાહળ કલયુગ, હળાહળ માણસો અને હળાહળ સમાજની હળાહળ સમસ્યાઓ વચ્ચે પણ પોતાને ખડ્ગની જેમ ટકાવી શકે એવી શક્તિ બાળકને સાચકલા શિક્ષણથી પ્રાપ્ત થશે. આવું શિક્ષણ પ્રાપ્ત થતાં તે પોતાના અસ્તિત્વને, પોતાની હસ્તીને ટકાવી રાખી શકશે. શિક્ષણનું દાયિત્વ આમાં નિહિત છે.

'ળ''અળસિયા' નો 'ળ'

અળસિયામાં આખા ખેતરને બહુ બારિકાઈથી ખેડી નાંખવાની ક્ષમતા છે. શિક્ષક પણ એ ભૂમિકા અદા કરી શકે બાળકમાં રહેલી નાનામાં નાની સર્જકતાને પણ બહાર લાવી, એનું સિંચન કરી જીવનરૂપી ખેતરને ફળદ્રુપતાસભર કરી એના જીવનમાં હરિયાળી લાવવાની ક્ષમતા શિક્ષક હસ્તગત કરે તો બાળકના જીવનમાં આજીવન ધન્યતા....જ....ધન્યતા.... ! !

'ક્ષ''ક્ષમતા' નો 'ક્ષ'

શિક્ષણની ક્ષમતા અને બાળકની ક્ષમતાનો સુભગ સમન્વય થાય તો દુનિયાની કોઈપણ સ્થિતિનો ઈતિહાસ બદલી શકાય. ચાણક્ય અને ચંદ્રગુપ્ત આનું જ એક ઉત્તમ ઉદાહરણ છે. બન્નેએ એકબીજાની સાથે રહીને ધનનંદના રાજ્યની સીમાઓને વેરવિખેર કરી નાંખી, ભારતીય ધરા પર જન્મ લઈ આપણે ચાણક્યના વંશજ હોવાનો યશ આપોઆપ ખાંટી ગયા. ધન્ય ગુરુ ચાણક્ય, ધન્ય ચંદ્રગુપ્ત... ! !

'જ્ઞ''જ્ઞાનપિપાસા' નો 'જ્ઞ'

બાળક ઘરમાંથી જેટલું સારું લઈને જશે. તેટલી જ સારું મળવાની અપેક્ષા શાળા પાસેથી રાખશે. અને શાળામાંથી જેટલું ઉત્તમ લઈને બહાર જશે તેટલું જ તે બાહ્ય પર્યાવરણમાંથી સારું ગ્રહણ કરશે. અંતે કાળક્રમે સમાજને પણ તે ઉત્તમ જ આપશે. આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન બાળક નિરંતર પોતાની વ્યક્તિમત્તાને પોતાની જાણબહાર ખીલવતું રહે છે. અભ્યાસક્રમના બંધિયાર ભારણમાંથી બહાર નીકળી શિક્ષક જ્યારે ગગનચુંબી વિશ્વાસ  સાથે જાતને ઓતપ્રોત કરીને બાળક પર વરસસે ત્યારે બાળકની આંતિરક ચેતના વસંતની જેમ મ્હોરી ઉઠશે. બાળક રોમરોમથી અભ્યાસમય બનવાની સાથે પોતાની સર્જનાત્મકતાને વાચા

આપવાની સ્થિતિમાં આવી પહોંચશે. બાળક એ વાત મહેસૂસ કરતું થશે કે શાળા એ કેદ નથી પણ આનંદવન છે. ઉલ્લાસની વાડી છે. ખુશીનો દરીયો છે. અંતરને રસતરબોળ કરનાર આંગણવાડી છે. અને આ પરમ સંતોષની ઘડી બની રહેશે.

આ માટે શાળા અને શિક્ષકે પોતાની વિચાર શીલતાને ચેતનવંતી બનાવવી પડશે. એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડશે કે એકેય દિવસ બાળકને ઘેર રહેવાનું મન ન થાય. ઘર કરતાં પણ વધુ સંતોષની તેને પ્રાપ્તિ થાય તેવા ભાવનામય વાતાવરણનું નિર્માણ કરવું પડશે. જ્યાં બાળકો ઉદાસીન રહે તો તે શાળાઓ બંધ કરવી રહી અને શિક્ષકોએ આરામ કરવો રહ્યો. બાળકની ચેતનાના મૂળમાં શાળા અને શિક્ષક છે. આ મૂળ નબળાં હશે તો બાળકનું વ્યક્તિત્વરૂપી વૃક્ષ ક્યારેય ઘટાદાર નહિ બની શકે અને કેટલાકનું તો છોડરૂપે જ અવસાન થશે.

સ્વામી વિવેકાનંદની પરિભાષામાં કહીએ તો – શિક્ષકનું કાર્ય માનવીની સંપૂર્ણ વ્યક્તિમાતાનું પ્રકટીકરણ કરવાનું છે. જો શિક્ષક અંદરથી પૂરેપૂરો પ્રકટશે, ખીલશે તો બાળક આપમેળે ખીલી ઉઠશે. અને જો બાળક ખીલેલું રહેશે તો ઘર, શાળા અને શિક્ષક બધું જ ગુલમોર...ગુલમોર... અને ગુલમોર... બધાનું જીવન ધન્ય...ધન્ય... અને ધન્ય. અલબત્ત આ ગુલમોરીપણું આ ધન્યતાની પ્રપ્તિ માટે ખલિલ બ્રાને કહેલી આ વાત પણ નજર અંદાજ કરવા જેવી નથી.

''તમારા બાળકો તે તમારા નથી. પણ જગ જીવનની પોતા માટેની જ કામનાનાં તે સંતાનો છે. તે તમારા દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતા નથી. અને તે તમારી સોડમાં રહે છે છતાં તે તમારાં નથી. તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહિ, કારણ કે તેમને એમની પોતાની કલ્પનાઓ છે. તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહિ, કાર કે તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે, જેની તમે કદી સ્વપ્નમાંયે ઝાંખી કરી શકવાના નથી. તમે તેમના જેવા થવા ભલે પ્રયત્ન કરજો પણ તેમને તમારા જેવા કરવા ફાંફાં મારશો નહિ. કારણ જીવન ગયેલા માર્ગે પાછું જતું નથી. અને ભૂતકાળ જોડે રોકાઇ રહેતું નથી.''